**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- આરતી ભટ્ટ**

**કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી**

**તારખ:-૧૪-૦૯-૨૦૨૪** **સમય:-સાજે ૬.૨૫ કલાકે**

---

# પ્રધાનમંત્રી શ્રી મોદી-અમદાવાદ

પ્રધાનમંત્રી 16 સપ્ટેમ્બર સોમવારનાં રોજ ગાંધીનગરમાં પ્રધાનમંત્રી સૂર્યા ઘર મફ્ત વીજળી યોજનાનાં લાભાર્થીઓ સાથે વાતચીત કરશે. ત્યારબાદ તેઓ મહાત્મા મંદિર ખાતે ચોથી ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મીટ એન્ડ એક્સ્પોનું ઉદઘાટન કરશે. પ્રધાનમંત્રી બપોરે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનું ઉદઘાટન કરશે ત્યારબાદ અમદાવાદમાં તેઓ 8,000 કરોડ રૂપિયાથી વધુની કિંમતની વિવિધ વિકાસ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કરશે.

પ્રધાનમંત્રી કેટલાંક મહત્ત્વપૂર્ણ પ્રોજેક્ટનું શિલારોપણ કરશે, જેમાં સામખિયાળી– ગાંધીધામ અને ગાંધીધામ – આદિપુર રેલવે લાઇનનાં કામો, તેમજ 30 મેગાવોટની સોલાર સિસ્ટમનું ઉદઘાટન કરશે. શ્રી મોદી કચ્છ લિગ્નાઇટ થર્મલ પાવર સ્ટેશન, કચ્છ ખાતે 35 મેગાવોટના બીઇએસએસ સોલર પીવી પ્રોજેક્ટનું તથા મોરબી અને રાજકોટમાં 220 કિલોવોલ્ટ સબસ્ટેશનનું ઉદઘાટન પણ કરશે.

આ ઉપરાંત તેઓ ભુજથી અમદાવાદ સુધીની ભારતની પ્રથમ વંદે મેટ્રો અને કેટલીક વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી પણ આપશે.

**(હેમાંગ પટ્ટણી/આરતી ભટ્ટ)**

---

# કેન્દ્રીયમંત્રી-સી.આર.પાટીલ-કચ્છ જળ સંચય

કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર.પાટીલે જિલ્લા સુમરાસર(શેખ) ખાતે જળસંચય કાર્યક્રમ અંતર્ગત બનેલા રિચાર્જ બોરની મુલાકાત લઇને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

RNU BHUJ

આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ સમાજ નવનિર્માણ ટ્રસ્ટ દ્વારા જનભાગીદારીથી જિલ્લાભરમાં બનાવાતા જળ રિચાર્જ બોરની કામગીરી અંગે વિગતવાર માહિતી આપી હતી. આ પ્રસંગે જળશક્તિ મંત્રીએ રિચાર્જ બોર બનાવનાર પાંચ ખેડૂતોનું સન્માન કરીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે જળશક્તિ મંત્રીએ કચ્છમાં જળસંચય કાર્યક્રમ અંતર્ગત ભૂગર્ભજળ ઉંચા લાવવા માટે કરાતા સહિયારા પ્રયાસોને બિરદાવ્યા હતા.

**(માહિતી ખાતુ)**

---------------------------------------------------------------------

## રાજ્ય-ખેતીની જમીન વેચાણ અંગે નિર્ણય

રાજ્ય સરકારે ખેતીની જમીનના વેચાણના કિસ્સાઓ માટે ડિજીટાઈઝેશન અને પારદર્શી ઓનલાઈન પ્રક્રિયાને વેગ આપવા ખેડૂતોના હિતમાં મહત્વપૂર્ણ નિર્ણય કર્યા છે.

ખેતીની જમીનની વેચાણ નોંધ પ્રમાણિત કરવા અંગેના નિર્ણયમાં ખેડૂત ખરાઈની ચકાસણીમાં 6 એપ્રિલ, 1995 પછીના રેકર્ડને જ ધ્યાનમાં લેવાનું રહેશે. એટલું જ નહીં, આવી ખરાઈ કરતી વખતે 6 એપ્રિલ 1995 પહેલાંના સમયે ધારણ કરેલી કોઈ જમીનના કિસ્સામાં અરજદાર જમીન મૂળથી કેવી રીતે ધારણ કરે છે, તેની ચકાસણી કરવાની બાબતો ખેતીની જમીનની હવે પછી વેચાણની નોંધ મંજૂર કરવાના તબક્કે લાગુ પડશે નહીં.

આ અંગે, કરાયેલી રજૂઆતોને ધ્યાનમાં લઇને રાજ્ય સરકારે નવા નિર્ણયો લીધા છે.

**(RNU અમદાવાદ/ આરતી ભટ્ટ)**

---------------------------------------------------------------------

## નાના યક્ષના મેળાનો આરંભ

ભુજની બાજુમાં આવેલ જોડીયા ગામ માધાપરમાં યક્ષ મંદિર નજીક આજથી શરૂ થઈ ત્રણ દિવસ નાના યક્ષનો મેળો ભરાશે. જેનો ધમધમાટ આજથી શરૂ થઈ ગયો છે. આ મેળામાં માનવ મહેરામણ ઉમટી પડશે. નાના યક્ષ મંદિરને મેળા નિમિતે જાજરમાન સોળે શણગારથી સજ્જ કરવામાં આવ્યુ છે. આજુબાજુના લોકો તેમજ આહીર પટ્ટીના ગામના શ્રધ્ધાળુઓ આ મેળામાં મહાલશે અને યક્ષદેવની પેડીમાં ભાગ લેશે.

**(NP/આરતી ભટ્ટ)**

---

## ધોળાવીરા-પ્રાચીન પથ્થરની ખાણ

ધોળાવીરાને વિશ્વ વિરાસત જાહેર થયા બાદ હાલ અહી સ્વદેશ યોજના હેઠળ કામ થઈ રહ્યા છે. ધોળાવીરા પાસે આવેલી પ્રાચીન પથ્થરોની ખાણ કે જેમાંથી ધોળાવીરાની સાથે મોહેંજો દડો અને છેક હડપ્પા સુધી પહોંચતા હતા. તેને પણ સરકારે કેન્દ્રીય રક્ષિત સ્મારક જાહેર કરવામાં આવ્યુ છે. આ સાથે કચ્છ જિલ્લામાં રાષ્ટ્રીય સ્મારકની સંખ્યા સાત થઈ છે.

**(NP/ આરતી ભટ્ટ)**

---

## ધાર્મિક અગ્રણી-અવસાન

કચ્છના મુસ્લિમ સમાજના ધાર્મિક અગ્રણી ડોક્ટર જહાંગીરશા બાપુ સૈયદ નું અવસાન થયું છે. તેમની વય ૮૫ વર્ષની હતી. તેઓ મુફ્તી એ આઝમ કચ્છ સૈયદ હાજી અહેમદશા બાપુના નાના ભાઇ હતા. તેમના અવસાન થી સમગ્ર જિલ્લાના મુસ્લિમ સમાજમાં શોકની લાગણી ફેલાઇ છે.

**(આરતી ભટ્ટ/અશરફ નથવાણી)**

---

RNUBHUJ

# પક્ષી ગણતરી

બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત અને બર્ડ કાઉન્ટ ઈન્ડીયા દ્વારા વન વિભાગના સહયોગથી ભુજ ખાતેથી બે દિવસીય રૃતુ પ્રવાસી પક્ષીની ગણતરીનો પ્રારંભ થયો હતો. જેમાં 7 રાજયના 130 પક્ષી નિરીક્ષક ગણતરીમાં જોડાયા હતા. તે બધાને વૈજ્ઞાનિક ઢબે પક્ષી નોંધની તાલીમ અપાઈ હતી. ટીમોને કચ્છભરના જુદા-જુદા વિસ્તારોમાં પક્ષી ગણતરી માટે મુકવામાં આવી હતી. સતત ત્રીજા વર્ષે આ ગણતરી કરવામાં આવી હતી જેમાં જોડાયેલ દરેક પ્રતિયોગીઓને પ્રમાણપત્ર અને સ્મૃતિચિન્હ આપવામાં આવ્યા હતા.

**(આરતી ભટ્ટ/NP)**

---

RNU BHUJ